# રજિસ્ટર્ડ બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં આચાર્ય ભરતી-૨૦૨૪ના PML અન્વયે વાંધા અરજી રજૂ કરવા સંદર્ભે સૂચનાઓ (તા.૨૫/૧૦/૨૦૨૪)

રજિસ્ટર્ડ બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં આચાર્ય ભરતી-૨૦૨૪ અન્વયે ઓનલાઇન ઉમેદવારી નોંધાવેલ ઉમેદવારોના ડોક્યુમેન્ટ વેરીફિકેશન સમયે જિલ્લાઓ દ્વારા જે ઉમેદવારોના કિસ્સાઓમાં કવેરી દર્શાવેલ હતી તે પૈકી ભરતી સમિતિ દ્વારા જે ઉમેદવારોની અરજીઓ **રદ કરવામાં આવેલ છે તેની યાદી –"પત્રક–અ"** અને જે ઉમેદવારોની અરજીઓ અન્વયે ગુણ/અનુભવ/અન્ય બાબતે સુધારા **ગ્રાહ્ય રાખવામાં આવેલ હોય તેની યાદી –"પત્રક–બ"** https://www.gserc.in/ વેબસાઇટ પર મૂકવામાં આવે છે.

- ઉમેદવારોની ઓનલાઇન અરજીઓ સંદર્ભે પત્રક–અ અને પત્રક–બ ની વિગતોને ધ્યાને લઇ કામચલાઉ મેરીટ યાદી (PML) પ્રસિધ્ધ કરવામાં આવે છે.
- PMLમાં સમાવિષ્ટ થવાથી આચાર્ય તરીકે નિમણૂક મેળવવાનો કોઇ હક પ્રસ્થાપિત થતો નથી જેની ઉમેદવારોએ ખાસ નોંધ લેવી.
- રજિસ્ટર્ડ બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં આચાર્ય ભરતી પ્રક્રીયાના PML અન્વયે ઉમેદવારને કોઈ વાંધો હોય તો વાંધો રજૂ કરતી અરજી **તારીખ: ૨૮/૧૦/૨૦૨૪ થી ૨૯/૧૦/૨૦૨૪** સુધી કચેરી સમય દરમિયાન સંબંધિત જિલ્લા શિક્ષણાધિકારી કચેરી ખાતે રજૂ કરી શકશે.
- વાંધા અરજી રજૂ કરવા ઈચ્છતા ઉમેદવારે પોતાની વાંધા અરજી પોતે હાલ જે જિલ્લામાં ફરજ બજાવે છે તે જ જિલ્લાની જિલ્લા શિક્ષણ અધિકારીશ્રીની કચેરી ખાતે જ રૂબરૂમાં જમા કરાવવાની રહેશે.
- ઉમેદવારે વાંધા અરજીમાં પોતાનું નામ, સરનામુ, HMAT NO. અને વર્ષ, ઓનલાઇન અરજી નંબર, મોબાઇલ નંબર અને જે બાબતે વાંધો હોય તે વાંધાની સ્પષ્ટ વિગતો દર્શાવી જરૂરી આધાર–પૂરાવા રજૂ કરવાના રહેશે તથા તે આધારોની સ્વ–પ્રમાણિત નકલો જમા કરાવવાની રહેશે.
- સમયમર્યાદામાં રજૂ ન થયેલ વાંધા અરજીઓ તેમજ નિયત સ્થળ સિવાય અન્ય સ્થળે મોકલાવેલ વાંધા અરજીઓ તથા ટપાલ, કુરિયર કે રજી.એ.ડી., ઈ–મેઈલ કે અન્ય માધ્યમે મળેલ અરજીઓ દફતરે કરવામાં આવશે.
- વાંધા અરજીઓ જે તે **જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી** પર ઉમેદવારે રૂબરૂમાં જ રજૂ કરવાની રહેશે. તેમ છતાં જો ઉમેદવાર અનિવાર્ય તબીબી કારણોસર સૂચવેલ સમયે અને સ્થળે વાંધા અરજી રજૂ કરવા રૂબરૂમાં ઉપસ્થિત રહી શકે તેમ ન હોય તો તેના જરૂરી આધારો સહ અન્ય કોઈ વ્યક્તિને પોતાનું ઓથોરીટી લેટર આપી ઉપસ્થિત રાખી શકશે.